# પરેડમાં ભારતીય સેનાએ તાકાતનું પ્રદર્શન કર્યું

નવી દિલ્હી, તા. ૨૭

દેશભરમાં ગઈકાલે ૬૫માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તિરંગો ધ્વજ લહેરાયો હતો. આ ગાળા દરમિયાન રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીના ઐતિહાસિક રાજપથ ઉપર પરેડ દરમિયાન ભારતીય સેનાએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું. ભારતના રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાયો હતો અને પરેડની સલામી લીધી હતી. રાજપથ તિરંગાના રંગમાં રંગાઈ જતાં લોકોએ ગર્વ અનુભવ કર્યો હતો. બીજી બાજુ સૈન્ય પરેડ અને સાંસ્કૃતિક વિવિધતાની તાકાતને જોવા માટે જાપાનના વડાપ્રધાન શિન્ઝો મુખ્ય મહેમાન બન્યા હતા. પાટનગર



દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસદળ, એનસીસી કેડેટ અને સ્કૂલી બાળકોની પરેડ શાનદાર રહી હતી. આ વખતે અગ્નિ અને પૃથ્વી મિસાઈલો રજૂ કરવામાં આવી ન હતી પરંતુ ભારતીય સૈનાએ પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી શનિવારે પરંપરા રીતે પ્રજાસત્તાકની પરેડ દરમિયાન જુદા જુદા રાજ્યોની ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિકના દર્શન થયા હતા. દુનિયામાં સૌથી વધારે સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારતની સાંસ્કૃતિક, કલા, સંગીત અને તહેવારની ઝલક નજરે પડી હતી. વિજયચોકથી ઐતિહાસિક લાલકિલ્લા સુધી બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહિત દેખાતા હતા. પરંપરાગત રીતે ભારતની એકતા અને સંસ્કૃતિ રજૂ કરવામાં આવી હતી.



સૈનાએ શાનદાર પરેડ યોજી હતી. જુદી જુદી જાતિના લોકો આમા ઉમટી પડ્યા હતા. પરેડના આઠ કિલોમીટર સુધીના રસ્તામાં બાળકો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકોના ચહેરા ઉપર ચમક અને ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. ભવ્ય રાષ્ટ્રપતિ ભવનની નજીકથી પરેડનું નેતૃત્વ કરનાર સૈનાની પ્રથમ ટુકડીની ઝલક મળતા વિજયચોકથી રાજપથ સુધી એક નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરેડનું નેતૃત્વ દિલ્હી ક્ષેત્રના જનરલ ઓફિસર કમાન્ડીંગ લેપ્ટી જનરલ સુબ્રોતો મિત્રાએ કર્યું હતું. દિલ્હી ક્ષેત્રના ચીફ ઓફ સ્ટાફ મેજર જનરલ રાજવીરસિંહ સેકેન્ડ ઈન કમાન્ડ રહ્યા હતા. આ વખતે પરેડમાં ભારતના પ્રથમ સ્વદેશી વિકસિત યુદ્ધ વિમાન તેજસ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર રહ્યા હતા. પરંપરાગત મુજબ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા બાદ પરેડની વિધિવત શરૂઆત થઈ હતી. રાષ્ટ્રપતિએ પરેડની સલામી લીધી હતી. ઈન્ડિયા ગેટ ઉપર અમર જવાન જ્યોતિ ઉપર વડાપ્રધાન મનમોહનસિંહે પુષ્પાંજલિ અર્પણ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. શાનદાર પરેડમાં અર્ધલશ્કરીદળોની માર્ચ કરનાર ટુકડીમાં સરહદ સુરક્ષાદળ, આસામ રાઈફલ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ, ભારત તિબેટ સરહદી પોલીસ, કેન્દ્રીય ઓદ્યોગિક સુરક્ષાદળ, શસ્ત્ર સરહદ દળ, રેલવે સુરક્ષાદળ, દિલ્હી પોલીસના જવાનો સામેલ કરાયા હતા.

### જાપાનના વડાપ્રધાન શિન્ઝો મંત્રમુગ્ધ થયા

જાપાનના વડાપ્રધાન શિન્ઝો પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ભારતના ઐતિહાસિક ગૌરવને જોઈને રોમાંચિત થઈ ગયા હતા. ભારતની સાંસ્કૃતિક વિવિધતા, રાષ્ટ્રીય એકતા, આધુનિક સિદ્ધિઓ અને લશ્કરી તાકાતને જોઈને જાપાની વડાપ્રધાન મંત્રમુગ્ધ નજરે પડ્યા હતા. જાપાની વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત અગાઉ કરવામાં આવ્યું હતું. શિન્ઝોએ પોતાની કારમાંથી ઉતર્યા બાદ હાથ મિલાવીને ઉપસ્થિત લોકોનું અભિવાદન કર્યું હતું અને મંચ તરફ આગળ વધ્યા હતા. તેઓ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની સાથે નજરે પડ્યા હતા. અસાધારણ વિરતા માટે શહીદ સુરક્ષા જવાન એચએન્ડ પ્રસાદને અશોક ચક્ર તરીકે આપવામાં આવેલા સન્માન વેળા જ્યારે તેમના પિતા વૈકંટ રમણ મંચ ઉપર પહોંચ્યા ત્યારે આ દૃશ્યને જોઈને શિન્ઝો ભાવનાશીલ બની ગયા હતા. શિન્ઝોએ ૬૦-૭૦ વર્ષીય સૈનિકોનો પણ આભાર માન્યો હતો.

## કેન્દ્રની એરબસ એ-૩૮૦ના ઓપરેટની અંતે મંજુરી મળી

નવી દિલ્હી,તા. ૨૭

ભારત સરકારે આખરે એરબસ એ-૩૮૦ની સેવા લેવા વિદેશી એરલાઈન્સોને મંજુરી આપી દીધી છે. આનો મતલબ એ થયો કે વિમાની યાત્રીઓ ભારતથી વિશ્વના સૌથી મોટા કોમર્શિયલ વિમાન એરબસ એ-૩૮૦માં યાત્રા કરી શકશે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજિતસિંહે આજે આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યુ હતુ કે દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, બેંગ્લોર સુધી જતા લોકોને આ વિમાનમાં પ્રવાસ કરવાની તક મળશે. પેરેન્ટ દેશોની ભારત સાથે દ્વિપક્ષિય સમજૂતિના આધાર પર આ મામલો આગળ



વધશે. અજિતસિંહે કહ્યુ હતુ કે ચાર વર્ષના ગાળા બાદ સુપરજમ્બો માટેની મંજુરી મળી ગઈ છે. દિલ્હીના ઈન્દિરાગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકને કોડ-એફ રનવેની મંજુરી મળી ગઈ છે. આ ઉપરાંત ટર્મિનલ પણ અલગ રહેશે. ૨૦૧૦માં બે માળના વિમાનમાં યાત્રીઓને બેસાડવા માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દૂબઈ અમિરાતે આ વિમાનની સેવા શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અમિરાત ઉપરાંત જર્મન કેરિયર લૂફથાન્સા પણ દિલ્હીમાં આ વિમાનની સેવા શરૂ કરવા ઈચ્છુક છે. સિંગાપોર એરલાઈન્સ પણ ભારતીય રૂટ પર આ વિમાનની સેવા શરૂ કરવા ઈચ્છુક છે. જો કે એવી દહેશત પણ છે કે ભારતીય કેરિયર એ-૩૮૦ના પરિણામ સ્વરૂપે ટ્રાફિક ગુમાવશે જેથી આ દિશામાં સરકારને ખૂબ સાવધાનીથી આગળ વધવું પડશે. મુંબઈ પણ એ-૩૮૦ ટર્મિનલ માટે આશાવાદી છે. સરકારે દેશમાં આ વિમાનને મંજુરી આપી દીધી છે. આ વિમાનમાં યાત્રા કરવા માટે પ્રવાસીઓ પણ ઉત્સુક બનેલા છે.

## બજારમાં મોટો કડાકો : સેન્સેક્સ ૪૨૬ પોઈન્ટ ઘટી જતા ફફડાટ

મુંબઈ,તા. ૨૭

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ ૪૨૬ પોઈન્ટ અને ૫૦ શેર નીફ્ટી ઈન્ડેક્સ ૨.૦૯ ટકા અથવા ૧૩૧ પોઈન્ટ ઘટીને ૬૧૩૬ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ત્રીજી સપ્ટેમ્બર બાદથી એક દિવસનો સૌથી મોટો ઘટાડો આજે જોવા મળ્યો હતો. ચીનમાં મંદીને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે જેની સીધી અસર આજે બજાર પર જોવા મળી હતી. બીજી બાજુ અમેરિકી ફેડરલ રિઝર્વના પગલા, ઉભરતા માર્કેટમાં ચલણને લઈને વેચવાલી જેવા પરિબળોની પણ માઠી અસર થઈ હતી. ભારતીય બજારોએ આજે ચાવીરૂપ સમર્થન સપાટી ગુમાવી દીધી હતી. આવતીકાલના દિવસે આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી થાય તે પહેલા તેને લઈને પણ રેટલક્ષી શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. બીજી બાજુ નીફ્ટીમાં પણ મોટો કડાકો બોલી ગયો હતો. આજે જે શેર તેમની ૫૨ સપ્તાહની નીચી સપાટીએ પહોંચી ગયા હતા તેમાં જેટ એરવેજ, યુનિટેક, પેટ્રોનેટ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, કેસ્ટ્રોલ ઈન્ડિયા, ગોદરેજ પ્રોપર્ટીનો સમાવેશ થાય છે. આ તમામ શેરમાં મોટો કડાકો બોલી ગયો હતો. ૫૦ શેર ઈન્ડેક્સમાં સતત બીજા સેશન્સમાં મંદી રહી હતી. નીફ્ટી ૧૩૧ પોઈન્ટ ઘટીને ૬૧૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. કારોબાર દરમિયાન નીફ્ટી



૬૧૮૯ની ઉંચી અને ૬૧૩૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બીએસઈ સેન્સેક્સે ફરી એકવાર ૨૧ હજારની સપાટી હાલના દિવસોમાં ગુમાવી દીધી છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો રિયાલિટી ઈન્ડેક્સમાં ૬.૧ ટકા તથા બેકિંગ ઈન્ડેક્સમાં ૪.૦૯ ટકા, મેટલ ઈન્ડેક્સમાં ૩.૯ ટકા, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૨.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. કેટલાક શેરમાં તીવ્ર કડાકો બોલી ગયો હતો જેમાં રેનબેક્સી, જયપ્રકાશ એસોસિએશન, ડીએલએફ, તાતા સ્ટીલ, તાતા મોટર્સના શેરમાં મોટો કડાકો બોલી ગયા હતો. આ તમામમાં મોટો ઘટાડો નોંધાયો હોત. રેનબેક્સીમાં ૮ ટકા, જયપ્રકાશ એસોસિએશનમાં ૧૪ ટકા, ડીએલએફમાં ૮.૭ ટકા, તાતા સ્ટીલમાં ૫.૯ ટકા અને તાતા મોટર્સમાં ૫.૯૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં ઘટાડો થવા માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં શુક્રવારે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. બજારમાં કરેક્શનની સ્થિતિ સપ્તાહના છેલ્લા કારોબારી દિવસ શુક્રવારે જોવા મળી હતી જેના લીધે કારોબારીઓમાં નિરાશા જોવા મળી હતી. વૈશ્વીક બજારોમાં નબળાઈની સીધી અસર શેરબજાર પર પણ જોવા મળી હતી. વેચવાલીનું દબાણ રેટ સંવેદનશીલ સેક્ટર પર સ્પષ્ટરીતે જોવા મળ્યુ હતુ. મોટા ભાગના બજારોમાં હાલ ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. ૩૦ શેર સેન્સેક્સ શુક્રવારે ૨૪૦ પોઈન્ટ ઘટીને ૨૧૧૩૪ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે પણ મંદીની સ્થિતિ રહી હતી.

## સોના પર નિયંત્રણની ટૂકમાં સમીક્ષા કરાશે

નવી દિલ્હી,તા. ૨૭

નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે ભારત સરકાર સોનાની આયાત પર નિયંત્રણોની સમીક્ષા કરી શકે છે. ૧૦ ટકા આયાત ડ્યુટીને લઈને ભારે હોબાળો મચેલો છે. આ વર્ષના અંત સુધી આ ડ્યુટીનો અંત લાવવાની વાત કરવામાં આવી હતી. માર્ચના અંત સુધી સમીક્ષા કરવાની ચિદમ્બરમે ખાતરી આપ્યા બાદ આ દિશામાં સરકાર આગળ વધી શકે છે. ચિદમ્બમરે કહ્યુ છે કે તેઓ કેલેન્ડર અથવા તો નાણાંકીય વર્ષની વાત કરી રહ્યા નથી પરંતુ રેવેન્યુ સેક્રેટરી સુમિત બોસે કહ્યુ છે કે સમીક્ષા માર્ચના અંત સુધી કરવામાં આવી શકે છે. ભારતને વિશ્વના સૌથી મોટા સોનાચાંદીની ખરીદી કરનાર દેશ તરીકે ગણવામાં આવે છે. ગયા વર્ષે સોનાની આયાત પર ડ્યુટી લાદવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. વધતી જતી વર્તમાન ખાતાકીય ખાદ્ય પર અંકુશ મુકવાના હેતુસર સોનાની આયાત પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. ડિસેમ્બર મહિનામાં આયાત નવેમ્બરની સરખામણીમાં વધારે રહી હતી.

**અણ્ણા હજારેની સલાહ બાદ નિર્ણય**

## બિન્નીના ધરણાનો ચાર કલાક બાદ અંત થયો

નવી દિલ્હી,તા. ૨૭

હકાલપટ્ટી કરવામાં આવેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય વિનોદકુમાર બિન્નીએ માત્ર ચાર કલાકની અંદર જ અરવિંદ કેજરીવાલ સરકાર સામે શરૂ કરેલા તેમના ધરણા પાછા ખેંચી લીધા હતા પરંતુ ધમકી આપી હતી કે જનલોકપાલ બિલના પસાર સહિત તેમની માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે તો મોટુ આંદોલન શરૂ કરશે. બિન્નીએ ચાર કલાક બાદ ધરણાનો અંત આણીને એએપી સરકારને ૧૦ દિવસની મહેતલ આપી હતી.

આમ આદમી પાર્ટી માટે હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ



બળવાખોર ધારાસભ્યએ કહ્યુ હતુ કે તેઓ લોકલક્ષી મુદ્દાઓ પર સરકારને તેઓ ટેકો જારી રાકશે. સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે તથા ઉપરાજ્યપાલ તરફથી સુચન મળ્યા બાદ બિન્નીએ તેમના ધરણાનો અંત આણ્યો છે. બિન્નીએ કહ્યુ હતુ કે એએપી સરકારને દિલ્હી વિધાનસભાની ચૂંટણી દરમિયાન તેના દ્વારા આપવામાં આવેલા વચનો પૂરા કરવા કેટલાક દિવસો આપવા જોઈએ તેવી સલાહ અણ્ણા હજારેએ આપી હતી જો કેજરીવાલ સરકાર આપવામાં આવેલા સમયમાં જન લોકપાલબિલને રજુ નહીં કરે તો તેઓ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરશે તેમ જંતરમંતર ખાતે બિન્નીએ કહ્યુ હતુ. બિન્નીએ મહિલા સુરક્ષાદળની રચના કરવા તથા ૭૦૦ લિટર મફત પાણી તરત આપવાની માંગ કરી હતી.

## અંદામાનમાં નૌકા ઊંધી વળી જતાં ૨૧ પ્રવાસીઓના મોત

પોર્ટબ્લેયર,તા.૨૭

અંદામાન અને નિકોબાર દ્વીપના અંદામાન દરિયામાં એક પ્રવાસી નૌકા ઊંધી વળી જતા તેમાં મુસાફરી કરી રહેલા ૨૧ લોકોના મોત થઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ મામલામાં ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. મોટાભાગના પ્રવાસી તમિલનાડુના કાચીપુરમ જિલ્લાના અને કેટલાક મુંબઈના પ્રવાસી હોવાનું જાણવા મળ્યું છે. નૌકામાં કર્મચારીઓ પણ હોવાનું જાણવા મળ્યું છે. દક્ષિણ અંદમાન જિલ્લાના અધિકારી પી જોહરે માહિતી આપતા કહ્યું છે કે ૪૬ પ્રવાસીઓને લઈને રોસ આઈલેન્સ નોર્થ બે તરફ જઈ રહેલી નૌકા દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. આ



બનાવમાં બે પ્રવાસી લાપત્તા દર્શાવવામાં આવ્યા છે જ્યારે ૨૩ પ્રવાસીઓને બચાવી લેવામાં સફળતા મળી છે. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે ભારે બેદરકારીના ભાગરૂપે આ બનાવ બન્યો છે. આ નૌકામાં બેસવાની ક્ષમતા ૨૫ લોકોની હતી જેની સામે તેમાં ૪૬ લોકોને બેસાડવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આ નૌકા ઊંધી વળી ગઈ હતી. સમગ્ર મામલામાં ઊંડી તપાસ હગાથ ધરવામાં આવી છે. બનાવ બન્યા બાદ તરત જ બચાવ અને રાહત ટુકડી સક્રિય થઈ ગઈ હતી પરંતુ ૨૧ લોકોના ડૂબી જવાના કારણે મોત થઈ ગયા હતા. એવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે કેટલાક લોકો અકવા મેરિન કેબીનમાં ફસાઈ ગયા હતા. કાચીપૂરમના પ્રવાસી દક્ષિણી અંદમાન જિલ્લા સ્થિત પ્રોથરાપુર સ્થિત એક રિસોર્ટમાં રોકાયેલા હતા. બીજી બાજુ લેપ્ટી ગવર્નરે મૃતકોના પરિવારને એક-એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. ઉપરાજ્યપાલે કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે સાથે પણ વાતચીત કરી હતી. સાથે સાથે દુર્ઘટના અંગે તમામ માહિતી આપી હતી. તાજેતરના સમયની સૌથી નિરાશાજનક ઘટના તરીકે આને જોવામાં આવે છે. બચાવી લેવામાં આવેલા લોકોને પોર્ટબ્લેયરની જીબીપંથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વડાપ્રધાનની કચેરી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહે પણ નૌકા દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

## ઉ.પ્રદેશમાં એક વર્ષમાં હવે ૨૪ કલાક વીજળી

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે આજે કહ્યું હતું કે સરકાર ઉત્તર પ્રદેશમાં એક વર્ષની અંદર જ ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ કરાવશે. પક્ષના વડામથકે પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા બાદ એકત્રિત લોકો અને કાર્યકરોને સંબોધતા મુલાયમે કહ્યું હતું કે એક વર્ષની અંદર તમામને વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુરુવારના દિવસે જ ગૌરખપુરમાં રેલીને સંબોધતા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદરવાર નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં વીજળી પુરવઠાની સ્થિતિ ખૂબ ખરાબ છે. લોકોને વીજળી મળી રહી નથી.

## સમાચાર ઝલક

- *આંદામાનમાં એક ટાપું પર હોડી ઊંધી વળતાં ૨૧ વ્યક્તિઓનાં મોત.*
- *ઓરિસ્સાનાં બે મજૂરોના હાથ કાપી નાખતાં, સુપ્રીમે આંધ્ર સરકાર પાસે માહિતી માગી.*
- *સોનાની આયાત પર પ્રતિબંધો હળવા કરાશે.*
- *જાપાનમાં સતત ૩ વર્ષથી ખાદ્ય રહેવા પામી.*
- *પાકિસ્તાની અભિનેત્રી ધાર્મિક-સામાજિક ફિલ્મોમાં જ કામ કરશે.*
- *મુંબઇમાં ૪૦ માળ પર દોરડાથી પહોંચી વિક્રમ સર્જ્યો.*
- *શેરબજારમાં મોટું ગાબડું પડ્યું.*
- *મહેસાણા દૂધ સાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીની અટકાયત.*
- *ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચન એડના શૂટિંગ માટે બે દિવસ અમદાવાદમાં.*
- *શિવસેનાના બાળ ઠાકરેની મિલકતનો વિવાદ હાઇકોર્ટમાં ૧૦મી માર્ચે સુનાવણી કરશે.*
- *પાકિસ્તાનમાં બોલ રમતાં ધડાકો થતાં સમગ્ર કુટુંબમાં મોત.*
- *ઉત્તર ભારતનાં ૧૬૦ પંડિતો અમેરિકામાં ગુમ થયાનો અહેવાલ.*
- *રેનબસેરામાં પુરતી સુવિધા ન હોવાથી કેજરીવાલ સરકારને સુપ્રીમની નોટીસ.*
- *બેંગકોકમાં ટાટા મોટરનાં ડિરેક્ટરનું મોત.*
- *અમેરિકામાં શોપિંગ મોલમાં ગોળીબારમાં ૩નાં મોત.*
- *સુશીલા કોઇરાલા નેપાળના નવા પ્રધાન બનશે.*
- *મારૂતિ પર ખરાબ કાર વેચવા માટે દંડ ફટકારાયો.*
- *'મેરે વતન કે લોકો' ગીતને આજે ૫૦ વર્ષ પૂર્ણ થયા, જેની ઉજવણી થશે.*

## ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે આજે ચોથો વન-ડે જંગ

હેમિલ્ટન,તા.૨૭

હેમિલ્ટન ખાતે રમાનારી ચોથી વન-ડે મેચને લઈને બંને ટીમો જીતના મૂડમાં દેખાઈ રહી છે. ત્રીજી મેચ અતિ રોમાંચક રીતે ટાઈમાં પરિણમ્યા બાદ ન્યૂઝીલેન્ડ ઉપર પણ હવે શ્રેણી જીત માટેનં દબાણ વધી ગયું છે. બીજી બાજુ ભારતને હવે આ શ્રેણીમાં બરોબરી કરવાની તક રહેલી છે. બે વન-ડે મેચો જીતીને ભારત આ શ્રેણીને બરોબર કરી શકે છે. બીજી બાજુ ન્યૂઝીલેન્ડ શરૂઆતની બંને મેચો જીત્યા બાદ ત્રીજી વન-ડે મેચ ટાઈમાં પરિણમી હતી જેને લીધે ન્યૂઝીલેન્ડને પણ હવે આ શ્રેણી જીતવા માટે બાકીની બે વન-ડે મેચો પૈકી એક વન-ડે મેચ જીતવી પડશે. આવી સ્થિતિમાં બ્રેડન મેક્કુલમના નેતૃત્વમાં ન્યૂઝીલેન્ડની ટીમ ઉપર ઘર આંગણે દબાણ વધી ગયું છે. અલબત્ત ન્યૂઝીલેન્ડના ખેલાડીઓ હાલ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યા છે જેમાં ગુપ્ટીલ પણ છેલ્લી ઘડીએ ફોર્મમાં આવી જતા ભારત માટે ખૂબ જ નિરાશાજનક સમાચાર રહ્યા છે. ગુપ્ટીલ ઉપરાંત રાઈડર, રોષ ટેલર, મેક્કુલમ, એન્ડરસન ખૂબ સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે આવી સ્થિતિમાં ભારતીય ટીમને સાવધાની રાખવી પડશે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ છેલ્લી મેચમાં ખૂબ શાનદાર દેખાવ કર્યો હતો અને ન્યૂઝીલેન્ડને જીતવાથી વંચિત રાખી દીધું હતું. ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ છેલ્લી ઘડીએ આક્રમક બેટીંગ કરી હતી. ન્યૂઝીલેન્ડે ત્રીજી મેચમાં પ્રથમ બેટીંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં ૩૧૪ રન બનાવ્યા હતા જેમાં ગુપ્ટીલની સદીનો સમાવેશ થાય છે. જીતવા માટેના ૩૧૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે પણ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૧૪ રન બનાવ્યા હતા જેથી મેચ ડ્રો રહી હતી.

## વર્ષ ૨૦૧૩માં નક્સલવાદી હિંસાના સૌથી વધુ બનાવો ઝારખંડમાં

નવી દિલ્હી,તા.૨૭

વર્ષ ૨૦૧૩માં નક્સલવાદી હિંસાના સૌથી વધુ બનાવો ઝારખંડમાં નોંધાયા છે. ઝારખંડ નક્સલવાદી હિંસાના મામલામાં પ્રથમ ક્રમે છે. બીજી બાજુ બિહારમાં પણ હિંસાના બનાવો નોંધાયા છે. એકંદરે નક્સલવાદ સાથે સંબંધિત બનાવો વર્ષ ૨૦૧૨માં ૧૪૧૫ હતા જેની સરખામણીમાં ગયા વર્ષે ૧૧૨૯ બનાવો નોંધાયા છે. જ્યારે હત્યાના આંકડામાં પણ ઘટાડો થયો છે. આ જ ગાળામાં ગયા વર્ષે આ આંકડો ૪૧૫ હતો જે હવે ઘટીને ૩૯૪ થયો છે. દેશભરમાં નોંધાયેલા ૩૯૪ના મોત પૈકી ૧૧૫ લોકો સુરક્ષાદળો સાથે સંકળાયેલા છે જ્યારે ૨૭૯ નાગરિકો છે. અસરગ્રસ્ત રાજ્યોની વાત કરવામાં આવે તો ઝારખંડમાં નક્સલવાદી તત્વો દ્વારા સૌથી મોટાપાયે હિંસા ફેલાવવામાં આવી છે. ઝારખંડમાં ૨૦૧૩માં ૩૮૩ બનાવો બન્યા છે અને અહીં મોતનો આંકડો ૧૫૦ નોંધાયો છે. અલબત્ત ૨૦૧૨ની સરખામણીમાં આંકડા પ્રમાણમાં ઓછા છે. છત્તીસગઢ આ યાદીમાં બીજા ક્રમાંક ઉપર છે. છત્તીસગઢમાં ૫૫૩ બનાવો બન્યા છે અને ૧૧૦ લોકોના મોત થયા છે. જ્યારે ૨૦૧૨માં છત્તીસગઢમાં મોતનો આંકડો ૧૦૯ હતો. ૨૦૧૩માં આ આંકડો ૧૧૦ થયો છે. જો કે બિહારમાં મોટાપાયે હુમલાઓનો દોર જારી રહ્યો છે. ૨૦૧૩માં અહીં નક્સલવાદી હિંસાને રોકવામાં ચોક્કસપણે સફળતા મળી છે. હિંસાના બનાવ અહીં ૩૧૬ નોંધાયા છે જે ૨૦૧૨માં ૧૬૬ હતા. ટૂંકમાં અહીં નક્સલવાદી હિંસાના બનાવો વધ્યા છે. મોતનો આંકડો ૨૦૧૨માં ૪૪ હતો જે હવે વધીને ૬૯ થયો છે જે દર્શાવે છે કે બિહારમાં ૫૭ ટકાનો વધારો હુમલામાં થયો છે. રસપ્રદ બાબત એ છે કે કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારને ગયા વર્ષે ડિસેમ્બરમાં પત્ર લખીને રાજ્યમાં નક્સલવાદ વિરોધી ફરજ ઉપર તૈનાત કવરામાં આવેલા સુરક્ષા જવાનોના મોતમાં વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ મુદ્દે બિહાર સરકાર અને કેન્દ્રીય સરકાર સામ સામે પણ દેખાઈ હતી. જનતાદળ યુનાઈટેડે આની સામે વાંધો ઉઠાવીને સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. અન્ય રાજ્યોની વાત કરવામાં આવે તો ઓરિસ્સામાં ૧૦૧ બનાવો બન્યા છે અને ૩૫ લોકોના મોત ૨૦૧૩માં થયા છે. ૨૦૧૨માં ઓરિસ્સામાં નકસલી હિંસાના ૧૭૧ બનાવ બન્યા હતા અને ૪૫ના મોત થયા હતા. મહારાષ્ટ્રમાં પણ નકસલવાદી હિંસા અને માઓવાદી હુમલાઓ થતા રહ્યા છે. અહીં બનાવોની સંખ્યા ૭૧ અને મોતનો આંકડો ૧૯ નોંધાયો છે. આંધ્રપ્રદેશમાં નક્સલવાદ સામે લડત ચલાવવામાં સફળતા મળી છે. અહીં નક્સલવાદી હિંસાના બનાવો ઘટ્યા છે અને ૩૬ બનાવો નોંધાયા છે. જ્યારે મોતનો આંકડો ૧૧ નોંધાયો છે. નક્સલવાદી હિંસાને રોકવા માટે કેન્દ્ર અને સંબંધિત રાજ્ય સરકારોએ વારંવાર પગલા લીધા છે પરંતુ નકસલવાદી હિંસાને રોકવામાં સંપૂર્ણપણે સફળતા મળી નથી.